# પાલનપુરમાં એસ.ટી. બસોના પૈડાં થંભી જતા મુસાફરો રઝળ્યાં

**હડતાળને પગલે ૩૩૦૦ ટ્રીપ બંધ રહેતા એસ.ટી.ને દૈનિક ૪૦ લાખનું નુકસાન : એસ.ટી. કામદારો લડાયક મૂડમાં : માંગણી નહીં સંતોષાય ત્યાં સુધી હડતાલ જારી રાખવાની ચીમકી**

પડતર માંગણીઓને લઈને એસ.ટી. કર્મચારીઓની રાજ્યવ્યાપી હડતાલમાં પાલનપુર એસ.ટી. ડિવીઝન પણ જોડાયું છે. એસ.ટી બસના પૈડાં થંભી જતા મુસાફરો રઝળ્યાં હતા. એસ.ટી. ની હડતાલથી પાલનપુર ડિવિઝનને દૈનિક રૂ.૪૦ લાખની નુકસાન થયું છે.



પાલનપુર એસ.ટી. વિભાગના કર્મચારીઓ પણ રાજ્યવ્યાપી હડતાળમાં જોડાયા છે. પાલનપુર એસ.ટી. ડિવિઝનના કર્મીઓ હડતાળમાં જોતરાતા ૬૦૦ એસ.ટી. બસોના પૈડાં થંભી જતા ૩૩૦૦ ટ્રીપો બંધ રહી હતી. ૫૮૨ શિડ્યુઅલ થકી ૨,૬૨,૦૦૦ કિમીનું સંચાલન ખોરવાઈ જતા અ એસ.ટી.ને દૈનિક રૂ. ૪૦ લાખનું નુકસાન પાલનપુર એસ.ટી. વિભાગને થયું હતું. જયારે ધરણાં, રેલી સહિતના કાર્યક્રમો આપવા છતાં બહેરી સરકારના કાને કર્મચારીઓનો અવાજ ન પહોંચતા કર્મચારીઓએ ના-છૂટકે હડતાળનો માર્ગ અપનાવ્યો હતો.



હડતાલ બાદ પણ સરકાર વાટાઘાટો માટે તૈયાર થઈ નથી. ત્યારે લડાયક મૂડમાં આવેલા કર્મચારીઓ હવે જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી લડી લેવાની ચીમકી ઉચ્ચારી હતી.

આમ, એસ.ટી.કર્મીઓ અને સરકાર આમને સામને આવી જતા મુસાફરોની હાલત કફોડી બની છે. એસ.ટી.સેવા બંધ રહેતા વિધાર્થીઓ, નોકરિયાતો સહિત મુસાફર જનતાને ભારે હેરાનગતિનો સામનો કરવાનો વારો આવ્યો હતો.

એસ.ટી.ની હડતાળને પગલે ખાનગી વાહનચાલકોને ઘી કેળા થયા હતા. એસ.ટી.હડતાળને પગલે મુસાફરો અટવાતા ખાનગી વાહનચાલકોને ભારે તડાકો પડતા તેઓએ ઉઘાડી લૂંટ ચલાવી હોવાના પણ અહેવાલ સાંપડ્યા છે.

# એસ.ટી. કર્મચારીઓની હડતાલથી હિંમતનગર ડીવીઝનને ૫૦ લાખનું નુકસાન

**૯ ડેપોના ૨૧૮૦ કર્મચારીઓ હડતાલમાં જોડાયા : ૬૩૧ બસોના પૈડા થંભી ગયા : ૨૨૦૦ રૂટ બંધ રહેતા મુસાફરો રઝળી પડ્યા, ખાનગી વાહનચાલકોએ મુસાફરો પાસેથી ભાડાની લુંટ ચલાવી**

હિંમતનગર, તા. ૨૧

ગુજરાત રાજ્ય એસ.ટી. નિગમના ડ્રાઈવર કંડક્ટરો તથા વર્ગ-૩ના કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ ન મળતા તથા અન્ય પ્રશ્નોનું નિરાકરણ ન આવતા ગુરૂવારે આ કર્મચારીઓએ સામુહિક હડતાલ પાડીને બસોના પૈડા થંભાવી દેતા હિંમતનગર એસ.ટી. વિભાગના અંદાજે ૨૨૦૦ રૂટ બંધ રહેતા હિંમતનગર એસ.ટી. વિભાગને એક જ દિવસમાં અંદાજે રૂ. ૫૦ લાખની આવક ગુમાવવી પડી છે. અધુરામાં પુરૂ બસો બંધ હોવાને કારણે મુસાફરોને લુંટવા માટે ખાનગી વાહનચાલકોએ માઝા મુકી હતી.

આ અંગેની વિગત એવી છે કે એસ.ટી.ના વર્ગ-૩ અને ૪માં આવતા ડ્રાઈવરો અને કંડક્ટરો તથા અન્ય કર્મચારીઓને કેન્દ્ર સરકારે જાહેર કરેલા સાતમા પગાર પંચનો લાભ આપવા માટે રાજ્ય સરકાર લટકતુ ગાજર બતાવી રહી છે. જોકે આ કર્મચારીઓએ અનેક વખત રજુઆતો કરી હોવા છતાં તેનુ ફળદાયી પરીણામ આવ્યું નથી. જેને લઈને એસ.ટી.ના કર્મચારીઓ માટે ચાલતા યુનિયનોએ ગુરૂવારે રાજયવ્યાપી હડતાલનું એલાન આપ્યું હતું. જેને લઈને ગુરૂવારે મધરાતે નિગમના અસંખ્ય બસોના પૈડા થંભાવી દેવામાં આવ્યા હતા.

દરમ્યાન હિંમતનગર ડીવીજનમાં આવતા મોડાસા, ભિલોડા, હિંમતનગર, વિજાપુર, ઈડર, ખેડબ્રહ્મા અને પ્રાંતિજ તથા અન્ય બે ડેપોના અંદાજે ૨૨૦૦ રૂટનું સંચાલન અટકી પડ્યુંહતુ. જેને લઈને એસ.ટી. નિગમને બપોર સુધીમાં અંદાજે રૂ. ૨૫ લાખનું નુકસાન થયુ હોવાનું વિભાગીય કચેરીના સુત્રોમાંથી



જણાવાયું છે. કર્મચારીઓની હડતાલને કારણે ૬૩૧ બસોને વિવિધ ડેપોમાં ઉભી કરી દેવાઈ હતી. આ હડતાલમાં હિંમતનગર વિભાગના અંદાજે ૨૧૮૦થી વધુ કર્મચારીઓ નિગમના આદેશની ઐસીતૈસી કરી હડતાલ પર જતા રહ્યા હતા.

બીજી તરફ ગુરૂવારે એસ.ટી.ની હડતાલ હોવાને લીધે રોજ અપડાઉન કરતા નોકરીયાતો, વેપારીઓ તથા વિદ્યાર્થીઓને ના છુટકે ખાનગી વાહનોનો આશરો લેવો પડ્યો હતો. જેને લઈને ખાનગી વાહનચાલકોએ મુસાફરો પાસેથી બમણાંથી વધુ ભાડુ વસુલ્યુ હોવાની બુમ ઉઠવા પામી હતી. યુનિયનના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ તેમના અગ્રણીઓને નિગમના ઉચ્ચ અધિકારીઓ તથા સરકાર કક્ષાએ મંત્રણા માટે બોલાવાયા હતા. જ્યાં ખાસ્સી ચર્ચાઓ થઈ હતી.

કર્મચારીઓની હડતાલને લીધે નિગમ દ્વારા મુસાફરોની સગવડતાને ધ્યાનમાં રાખીને કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરાઈ ન હોવાને કારણે મુસાફરોને એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે આખો દિવસ રઝળપાટ કરવો પડ્યો હતો. રોડ પર દોડતી બસોની હડતાલને કારણે જિલ્લાના રસ્તાઓ પણ સુમસામ ભાસતા હતા. હિંમતનગર ખાતે આવેલ મુખ્ય બસ ડેપોમાં અન્ય ડેપો તથા ડીવીઝનમાંથી આવેલી રૂટની બસોનો ખડકલો થતા મુખ્ય બસ ડેપોમાં લોકોને ઉભા રહેવા માટે જગ્યા શોધવી પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી.

### લગ્નની વર્ધીની ૨૦ બસો કેન્સલ કરાઈ

હિંમતનગર ડીવીઝનના તાંબામાં આવતા અન્ય નવ ડેપોમાં કેટલાક લોકોએ અગાઉ તા. ૨૧ ફેબ્રુઆરીએ લગ્ન અથવા તો શુભ પ્રસંગ માટે ડિપોઝીટ ભરીને ૨૦ બસોનું બુકિંગ કરાવ્યું હતું. પરંતુ હડતાલને લીધે ડ્રાઈવર કંડક્ટરો ફરજ પર હાજર ન થયા હોવાથી તંત્ર દ્વારા આ ૨૦ બસો મોકલી શકાઈ ન હતી. જોકે નિગમના અધિકારીઓએ ડિપોઝીટ પેટે લીધેલ રકમ પરત આપવાનું નક્કી કર્યું છે.

# મહેસાણા જિલ્લામાં એસ.ટી. કર્મચારીઓની હડતાલથી હાલાકી

મહેસાણા, તા. ૨૧

ગુજરાત એસ.ટી. તંત્રના કામદારોની પડતર માંગણીઓને લઈને ગત મધરાતથી સમગ્ર રાજ્યમાં એસ.ટી.ના કર્મચારીઓ સામુહિક રજા પર ઉતરી જતાં મુસાફરો પારાવાર મુશ્કેલીમાં મુકાયા છે.



એસ.ટી. નિગમના ત્રણેય માન્ય યુનિયનો દ્વારા સાતમા પગાર પંચ, વારસદારોને નોકરી, ફિક્સ પગારદારોને યોગ્ય પગાર ચૂકવવા સહિતની કેટલીક પડતર માગણીઓને લઈને ગત મધરાતથી કર્મચારીઓ સામૂહિક રજા પર ઉતરી ગયા છે. જેથી એસ.ટી. બસોના પૈડા થંભી જતાં મહેસાણા એસ.ટી. વિભાગ તરફથી સંચાલિત એસ.ટી. બસોનો વ્યવહાર ઠપ્પ થઈ જતાં હજારો મુસાફરો રઝળી પડ્યા છે. મહેસાણા એસ.ટી. વિભાગમાં સમાવિષ્ટ ૧૧ ડેપો મહેસાણા, કડી, કલોલ, વિસનગર, વડનગર, ખેરાલુ, ચાણસ્મા, હારીજ, પાટણ, બેચરાજી અને ઊંઝા ડેપોના ૩૩૭૯થી વધુ કર્મચારીઓ હડતાલ પર ઉતરી ગયા છે. જેના કારણે સમગ્ર એસ.ટી. બસ વ્યવહાર ઠપ્પ થઈ જતાં હજારો મુસાફરો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. એસ.ટી.ની હડતાલથી ખાનગી વાહનોને ઘી કેળાં થઈ પડ્યા છે. આવા વાહનો દ્વારા તકનો ગેરલાભ ઉઠાવીને ભાડામાં ઉઘાડી લૂંટ ચલાવવામાં આવી રહી હોઈ નોકરીયાતો, વિદ્યાર્થીઓ, ધંધાર્થીઓ, અન્ય મુસાફરો ભારે ત્રાસ પોકારી ઉઠ્યા છે.

મહેસાણા વિભાગની લગભગ ૭૦૦થી વધુ શિડ્યુલ બસો બંધ થવાથી વિભાગને એક દિવસનું અંદાજે ૪૫ થી ૫૦ લાખ રૂપિયાનું આર્થિક નુકસાન થઈ રહ્યું છે.



રાજ્યભરમાં એસટી નિગમના કર્મચારીઓના પોતાના પડતર પ્રશ્નોના નિકાલ માટે ધરણાં અને પ્રદર્શનો કરવા છતાં રાજ્ય સરકાર રજુઆતો નહીં સાંભળતા સમગ્ર રાજ્યભરમાં એસ.ટી. બસોના પૈડા થંભી ગયા હતા. મહેસાણા જિલ્લામાં ડેપોની અંદર બસો ખડકાઈ હતી. ઉપરોક્ત તસવીરમાં મહેસાણા હાઈવે અને શહેરના ડેપોની તસવીર દ્દષ્ટિગોચર થાય છે. આ સિવાય ઊંઝા, વિસનગર, ખેરાલુ, વડનગર, બેચરાજી ડેપોમાં એસટી બસો ખડગાઈ હતી. અનેક પ્રવાસીઓ રખડી પડ્યા હતા. પ્રાઈવેટ સાધનો ભાડાના નામે મુસાફરો લૂંટાતા હતા.



**એસટીની હડતાલથી મુસાફરોને ખાનગી વાહનોનો સહારો લેવો પડ્યો**

હિંમતનગર એસટી વિભાગીય કચેરી સંચાલિત નવ ડેપોમાં કર્મચારીઓની હડતાલથી અંદાજીત ૩૨૦૦ જેટલા રૂટો રદ કરવામાં આવ્યા છે જયારે અંદાજીત ૪૫ થી ૫૦ લાખ આવક એસટી વિભાગને ગુમાવવી પડી હતી જેને લઈને મુસાફરોની ખાનગી વાહનોમાં ડબલ ભાડું આપી જોખમી મુસાફરી કરવાનો વારો આવ્યો છે. ગઈકાલ મધરાતથી એસટી વિભાગના કર્મચારીઓ સાતમા પગાર પંચના અમલ સહીત ૧૩ જેટલી પડતર માંગણીઓને લઈને બે દિવસ ધરણા કર્યા બાદ ગુરુવારે માસ સીએલ પર જતા એસટી વિભાગની કહેવાતી સલામતી સવારીની સેવા સ્થગિત થતા મુસાફરો અટવાયા છે અને ખાનગી વાહનોમાં જોખમી મુસાફરી કરી બમણા ભાડું ખર્ચી જીવ જોખમમાં મુકવાનો વારો આવ્યો છે.

# એસટી કર્મચારીઓ દ્વારા વિવિધ માંગણીઓને લઈને માસ સીએલ પર

**પ્રાંતિજ ડેપોની ૫૦ એસટીના પૈડા થંભ્યા : ૨૫૫ કર્મચારીઓ પડતર માંગણીઓને લઈને માસ સીએલ પર : હડતાલને લઈને એસટી મુસાફરો પરેશાન**

પ્રાંતિજ, તા. ૨૧

એસટી કર્મચારીઓ દ્વારા વિવિધ માંગણીઓને લઈને માસ સીએલ પર જતાં એસટી બસના પૈડા થંભ્યા હતા તો એસટીના મુસાફરોને ભારે



હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો.

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ ડેપોના ૨૫૫ કર્મચારીઓ પણ વિવિધ પડતર માંગણીઓના મુદ્દે એક દિવસની માસ સીએલ પર જતાં પ્રાંતિજ એસટી ડેપોની ૫૦ બસોના પૈડા થંભ્યા હતા તો પ્રાંતિજ ડેપોને સાડા ત્રણ લાખ રૂપિયાનું નુકાશાન થયું છે તો એસટી કર્મચારીઓ દ્વારા પ્રાંતિજ બસ ડેપો ઉપર એકત્રીત થઈને સુત્રોચ્ચાર કર્યા હતાં જેમાં મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ વિરૂધ્ધ સૂત્રોચ્ચાર કરી તેમની હાય બોલાવી હતી. એસટીબસ સેવા બધ રહેતાં પ્રાંતિજ સહિત તાલુકામાં એસટી બસના મુસાફરોને ભારે પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો. બીજી બાજુ બસ સેવા બંધ રહેતા વિદ્યાર્થીઓ અને એસટીબસમાં કાયમી અપડાઉન કરતા કર્મચારીઓને પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો અને ખાનગી વાહનોમાં તગડું ભાડું આપીને બેસવા મજબુર થવું પડયુ હતું. હાલ તો એસટી કર્મચારીઓ દ્વારા તેમની માંગણીઓ નહીં સ્વીકારવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલનની ચિમકી પણ ઉપચાર વામા આવી છે.

# ભિલોડામાં એસ.ટી. બસના પૈંડા થંભ્યા

ભિલોડા,તા.૨૧

હિંમતનગર એસ.ટી. ડિવીઝનના ભિલોડા એસ.ટી. ડેપોના કર્મચારીઓ વિવિધ પડતર માંગણીઓના મામલે તેમજ સાતમા પગાર પંચ સંદર્ભે એસ.ટી.બસ બંધના એલાનમાં એસ.ટી.ડેપોના કર્મચારીઓ જોડાયા હતા. રોજીંદા મુસાફરો એકાએક રઝળી પડતાં હેરાન-પરેશાન બન્યા હતા. પ્રાઈવેટ વાહન ચાલકોએ મુસાફરો પાસે આડેધડ ઉંચામાં ઉંચા ભાડા વસુલ કરતાં મુસાફરોને આર્થિક રીતે નુકશાન સહન કરવાનો વારો આવ્યો હતો. પ્રાઈવેટ વાહન ચાલકોએ મુસાફરોન ઘેટા-બકરાની માફક વાહનોમાં બેસાડ્યા હતા. પ્રાઈવેટ વાહન ચાલકો પોલીસને મલાઈદાર મોટા-મોટા હપ્તા આપતા હોવાથી પોલીસ તંત્રએ આંખ આડા કાન કર્યા હતા.



સાતમા પગાર પંચનો અમલ સહિત વિવિધ પડતર માંગણીઓ સંદર્ભે એસ.ટી.યુનિયનના ત્રણેય યુનિયનો ધ્વારા છેલ્લા બે દિવસથી ધરણા-પ્રદર્શનો યોજાઈ રહ્યા હતા તેમ છતાં રાજ્ય સરકાર ધ્વારા તેમની માંગણીઓ ન સ્વીકારાતાં એસ.ટી.ના યુનિયનો ધ્વારા સામુહિક રીતે માસ સી.એલ. પર કર્મચારીઓ ઉતરી જવાનું એલાન કર્યું હતું.



વિરોધ પ્રદર્શનમાં આજે એસ.ટી.નિગમના કર્મચારીઓએ એસ.ટી. બંધના એલાનમાં ભિલોડા એસ.ટી.ડેપોના કર્મચારીઓ જોડાયા હતા. એસ.ટી. બસો બંધ થતાં ભિલોડા એસ.ટી.ડેપોના ૫૬ રૂટો,૩૦૦ ટ્રીપો જડબેસલાક બંધ રહ્યા હતા.ભિલોડા એસ.ટી.ડેપોમાં ફરજ બજાવતા ૩૦૦ કર્મચારીઓ બંધના એલાનમાં સમર્થન આપ્યું હતું. ભિલોડા એસ.ટી.ડેપોમાં રોજીંદા પાંચથી સાત હજાર જેટલા મુસાફરો રોજ મુસાફરી કરતા હતા.મુસાફરો આજે રઝળી પડતાં રઝળપાટ કરતા હતા. મુસાફરોમાં તીવ્ર રોષ ભભુકી ઉઠ્યો હતો. ભિલોડા એસ.ટી.ડેપોમાં રોજની અંદાજીત રૂા.ચાર લાખથી વધુ આવક પણ ભિલોડા એસ.ટી. ડેપોએ ગુમાવી હતી. આજે તો પ્રાઈવેટ વાહન ચાલકોને ઘી-કેળા જેવો માહોલ સર્જાયો હતો.

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર લગ્નસરાની મોસમ પુર જોશમાં છે. એસ.ટી.બસ બંધના એલાનના કારણે મુસાફરો રઝળી પડતાં મુસાફરો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. ભિલોડા એસ.ટી.ડેપોમાં કરફ્યુ જેવો માહોલ સર્જાયો હતો.

# પાલનપુરથી અંબાજી સુધીના માર્ગ પર ચાલવા માટે સ્પેશ્યલ પગદંડી માર્ગ બનાવવા લોકોમાં માંગ

સુપ્રસિધ્ધ યાત્રા ધામ અને જગ વિખ્યાત જગદજનની મા અંબાના ધામ અંબાજી મા સમગ્ર ગુજરાત સહીત દેશ વિદેશ માથી તેમજ રાજેસ્થાન તેમજ મહારાષ્ટ્ર માથી પણ ધર્મ પ્રમી જનતા મા અંબાના દર્શનાર્થે આવતી હોય છે.

એમાય ભાદરવા મહિના મા તો સાત દિવસના યોજાતા જગદજનની મા અંબાના ધામમા દુરદુર થી લાખોની સંખ્યા નાના ભુલકાઓ સાથે યુવાનો, મહિલાઓ, વડીલો, સાથે વિકલાંગો પણ મોટી સંખ્યા મા શ્રધ્ધા સાથે લાખોની સંખ્યામા આવતા હોય છે ત્યારે પાલનપુર થી અંબાજી તેમજ વડગામ થી અંબાજી નો માર્ગ ધર્મપ્રેમી જનતાને ચાલવામા પણ મુશ્કેલ બની રહેછે ત્યારે વાહન ચાલકો માટે પણ આ રસ્તો ભારે તકલીફ રૂપ સાબીત થતો રહ્યોછે કેટલીક વાર તો આ મહા મેળામા અકસ્માતો ના પણ બનાવો ભુતકાળમા બનવા પામ્યા ત્યારે જો રાજ્ય સરકાર દ્વારા જો પાટણ થી શંખેશ્રવર સુધી ના રોડ ઉપર સ્પેશ્યલ ચાલવા માટે પગ દંડી બનાવવા માટે ઘોષણા કરાઈ હોયતો દર વર્ષે કિડીયારાની જેમ પદયાત્રિઓ થી ઉભરાતા જગદજનની મા અંબાના ધામમા જવા માટે લાખો ધર્મપ્રમી જનતા માટે પાલનપુર થી અંબાજી તેમજ વડગામ થી અંબાજી ના રોડ ઉપર પણ પદયાત્રિઓને ચાલવા માટે સ્પેશ્યલ પગદંડી બનાવવા વિચાર કરે તેવી સમગ્ર ધર્મપ્રેમી લોકોમાથી પ્રબળ માગ ઉઠવા પામી છે.





**અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં એસટી કર્મચારીઓની હડતાલના પગલે લગ્ન પ્રસંગોમાં અડચણ : ખાનગી વાહનચાલકોને તડાકો**

એસ.ટી કર્મચારીઓ પાછલા કેટલાય સમયથી તેમની વિવિધ પડતર માંગણીઓ લઈને પ્રતીકાત્મક આંદોલનની રાહ પર છે. રાજ્ય સરકારમાં વારંવાર રજુઆત કરવા છતાં યોગ્ય નિરાકરણ નહિ આવતા એસ.ટી કર્મચારીઓ માસ સી.એલ. પર ઉતરી જતા હાલ લગ્નસરાની મોસમમાં એસટી બસ એડવાન્સ બુકીંગ કરાવનાર પરિવારોની હાલત કફોડી બની હતી. બુધવારે રાત્રીએ ડેપો મેનેજરે એસટી બસ બુકીંગ કરાવનાર લોકોને બસ આવતીકાલે નહિ આવેનો ફોન કરતા કેટલાય પરિવારોનો દોડતા થઈ ગયા હતા. મોડાસામાં એસટી કર્મચારીઓએ '' વિજય રૂપાણી હાય હાય ના'' નારા લગાવ્યા હતા. ટીંટોઈ પંચાલ પરિવારના ચિરાગના લગ્ન પ્રસંગમાં ટીંટોઈથી અમદાવાદ જાન લઈ જવા માટે મોડાસા એસટી ડેપોમાં એક મહિના પહેલા ૨૮૬૦૦ ડિપોઝીટ આપી બે બસ બુકીંગ કરાવી હતી. એસટી બસના કર્મચારીઓના હડતાલના પગલે મોડાસા ડેપો મેનેજરે બસ બુકીંગ કરાવનાર પરિવારને રાત્રીના ૧ વાગે ફોન કરી બસ નહિ આવે તો અન્ય વ્યવસ્થા કરી લેવા જણાવતા પરિવારજનો અડધી રાત્રે દોડતા થઈ ગયા હતા. કનુભાઈ પંચાલે રોષ ઠાલવી કોર્ટ કાર્યવાહી કરવાની ચીમકી ઉચ્ચારી હતી. એસટી બસના બદલે અન્ય ખાનગી વાહનોના માલિકને ૪ ગણા પૈસા ચુકવવાની નોબત આવી હતી. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં એસટીના પૈડા થંભી જતા હાલમાં લગ્નસરાનો દીવસો હોઇ અનેક જાનૈયાઓએ પણ મુશ્કેલીમાં મૂકાવાનો વખત આવ્યો છે. વરરાજાની જાન લઈને જનારા જાનૈયાઓએ ખાનગી વાહનો શોધવા મજબૂર બની આમતેમ ભટકવુ પડ્યું. જોકે તેમ છતાં પણ હડતાલ ના પગલે ખાનગી વાહનો પણ ન મળતા કેટલાય જાનૈયાઓ જાનમાં જવાથી વંચિત રહેવું પડ્યું હતું.